
ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગરમાં ભારે રાજકીય ઉત્તેજના

## ચૂંટણી પરિણામને આડે ૨૪ કલાક બાકી : નવા મુખ્યમંત્રી પદ તેમજ કેન્દ્રીય મંત્રીમંડળમાં ગુજરાતના કયા નેતાઓને સ્થાન મળશે : ગુજરાતના રાજકારણમાં ગરમાવો છવાયો






ગાંધીનગર, તા. ૧૪

લોકસભાની ચૂંટણીના પરિણામને આડે હવે માત્ર ૨૪ કલાક જ આડા છે. ગાંધીનગરની બેઠક પરથી અડવાણીનો વિજય નિશ્ચિત મનાય છે ત્યારે મતોની સરસાઈનો મુદ્દો પણ ચર્ચાની એરણે છે. હાઈપ્રોફાઈલ ચૂંટણીજંગના પરિણામ જાહેર થવાના આડે માત્ર એક જ દિવસ હોવાથી પાટનગરમાં પણ રાજકીય માહોલ ગરમાયો છે. બીજી તરફ ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે કોણ બેશશે તેમજ પી.એમ.ઓ.માં રાજ્યમાંથી કોને સ્થાન મળશે તે મામલે પણ અનેક તર્ક-વિતર્કો અને ચર્ચાઓ રાજકીયક્ષેત્રે જોરમાં છે.

સમગ્ર દેશમાં છેલ્લા દોઢ મહિનાથી ચૂંટણી ચકરાવોની ગતિવિધિઓનો ધમધમાટ જોવા મળી રહ્યો હતો જયારે નવ તબક્કાના મતદાન બાદ પરિણામના આડે પણ માત્ર ૨૪ કલાકનો ટુંકો સમયગાળો બાકી હોવાથી પરિણામલક્ષી સમીકરણોની ચર્ચા તેજ બની છે. સમગ્ર દેશની નજર ચૂંટણી પરિણામો તરફ મંડરાઈ છે. જયારે ગાંધીનગર લોકસભાની બેઠક પરથી પણ ભાજપના વરિષ્ઠ નેતા અડવાણીનુ ભાવિ નક્કી થવાનુ છે. અડવાણીની જીત નિશ્ચિત છે ત્યારે કોંગ્રેસના કીરીટ પટેલ તેમજ આમ આદમી પાર્ટીના ઋતુરાજ મહેતાની સામે તેમને કેટલા મતોની સરસાઈ મળશે તે તરફ રાજકીય આગેવાનોની નજર મંડાઈ છે. અડવાણી કેટલા મતની લીડથી ચૂંટણી જીતશે તે મુદ્દો હાલ ચૂંટણી પરિણામોના કલાકો-પૂર્વે હોટ બન્યો છે. જો કે આગામી ૨૪ કલાકમાં પરિણામનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. બીજીતરફ ગુજરાતના મુખ્યમંત્રી પદનો તાજ કોના શીરે જશે તે વાત પર પણ આછો પડદો ઢંકાયેલો છે. સી.એમ. પદ માટે ચર્ચાતા નામોને લઈ રાજકીય ઉત્તેજના બેવડાઈ છે. આ ઉપરાંત એન.ડી.એ.ની સરકાર બને તો આવા સંજોગોમાં ગુજરાતમાંથી કયા વિજેતા ઉમેદવારોને કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન અપાશે તે મામલે પણ રાજકીય વિવેચકોમાં અનેક તર્ક-વિતર્કો ચર્ચાસ્થાને છે.

## નરેન્દ્ર મોદી એક સાથે ત્રણ રાજીનામા આપશે

ગુજરાતના નવા મુખ્યમંત્રી કોણ બનશે તે માટે હજુ સસ્પેન્સ યથાવત છે. જ્યારે એક્ઝીટ પોલનું અનુમાન સાચુ પડે તો પી.એમ. પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ વિવિધ ત્રણ હોદાઓ પરથી રાજીનામુ આપવું પડશે. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી પદ પરથી રાજીનામુ આપવા ઉપરાંત મણીનગર મત વિસ્તારના ધારાસભ્યપદેથી પણ તેમણે રાજીનામુ આપવું પડશે. આ ઉપરાંત નરેન્દ્ર મોદી વારાણસીમાંથી પ્રતિનિધિત્વ કરવાના હોવાથી પક્ષની જાહેરાતના અંતે આગામી દિવસોમાં તેમણે વડોદરાના સાંસદ પદેથી પણ રાજીનામુ આપવું પડશે.



# રાજ્યમંત્રી મંડળની બેઠકમાં મોદીને વિદાય



## મોદીના શાસનકાળમાં ગુજરાતે વિશ્વમાં ખ્યાતિ મેળવી દેશના નેતૃત્વમાં વિકાસની કેડી કંડારશે

અમદાવાદ, તા.૧૪

ગુજરાત મંત્રી મંડળની આજે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષ સામે મળેલી અંતિમ બેઠકમાં નરેન્દ્ર મોદીને રાજ્યના મુખ્યમંત્રી તરીકે વિદાય આપવામાં આવી હતી અને તેમના કાર્યકાળ દરમ્યાન ગુજરાતમાં સોળે કલાયે થયેલા વિકાસને બિરદાવવામાં આવ્યો હતો. નરેન્દ્ર મોદીને વિકાસ પુરૂષ ગણાવી તેમના નેતૃત્વમાં દેશ પણ વિકાસની નવી કેડી કંડારશે તેવી મંત્રીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવામાં આવી હતી. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની વિદાય આપતાં રાજ્યના નાણાં મંત્રી નીતિન પટેલ તેમને શુભકામના પાઠવતા જણાવ્યું કે નરેન્દ્ર મોદીના ૧૩ વર્ષ અને સાત મહિનાના કાર્યકાળ દરમ્યાન ગુજરાતે વિશ્વભરમાં ખ્યાતિ મેળવી છે. તેમણે કચ્છના ભૂંકપના દિવસો અને મોદીને નેતૃત્વમાં ગુજરાત કેવી રીતે આસમાનની ઉંચાઈએ પહોંચ્યું તેના કેટલાક દ્રષ્ટાંતો પણ આપ્યા હતા. નરેન્દ્ર મોદીની આ છેલ્લી કેબિનેટની બેઠક હોવાથી મોટાભાગના તમામ મંત્રીઓ હાજર રહ્યા હતા. અને તેમને વિદાય આપવાની સાથે દેશનું વડાપ્રધાન પદ સંભાળવાની શુભેચ્છાઓ પણ પાઠવી હતી. નીતિન પટેલે એમ પણ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીને આવી વિદાય મળી હોય તેવું ક્યાંય જોયું નથી. તેમની અનુકુળતા હશે તો ફેરવેલ પાર્ટીનું પણ આયોજન કરવામાં આવશે.

# મતગણતરીને લઈ ગ-૪ થી ગ-૫નો રસ્તો સંપૂર્ણપણે બંધ કરી દેવાશે

## ભારે વાહનોની અવરજવર માટે 'ગ' માર્ગ સંપૂર્ણ બંધ રહેશે

ગાંધીનગર, તા. ૧૪

લોકસભાની ચૂંટણીનુ આવતીકાલે પરિણામ જાહેર થનાર છે. ગાંધીનગરમાં પણ સે. ૧૫ સ્થિત સરકારી કોલેજમાં ૧૬ મે ના રોજ મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આ તબક્કે ટ્રાફિકથી ધમધમતા 'ગ' માર્ગ પર કોઈ અડચણ કે અકસ્માત ન સર્જાય તે માટે ગ-૪ થી ગ-૫નો માર્ગ બંધ રાખવા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

લોકસભાની ચૂંટણીનું પરિણામ તા. ૧૬ મે ના રોજ જાહેર થનાર છે. આવા સંજોગોમાં મતગણતરી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે જરૂરી તમામ બાબતોને ધ્યાને લેવામાં આવી છે. મતગણતરીના દિવસે કાઉન્ટીંગ સેન્ટર આસપાસ પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ચુસ્ત સલામતી વ્યવસ્થા સાથે સે. ૧૫માં મતગણતરી કેન્દ્ર હોવાથી 'ગ' માર્ગ ઉપર પણ ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકી દેવાયો છે. જિલ્લા કલેક્ટર કક્ષાએથી આ અંગે બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ શહેરના મુખ્ય 'ઘ' અને 'ચ' માર્ગ પર રહેણાંક અને શાળાઓને ધ્યાને લઈ ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ છે. જ્યારે મતગણતરી કેન્દ્રને અનુલક્ષી 'ગ' માર્ગ ઉપર પણ તા. ૧૬મીના દિવસ માટે ભારે વાહનોની



(ફાઈલ ફોટો)

અવર-જવર પર પ્રતિબંધ મુકી દેવાયો છે. જેમાં ગ-૪ થી ગ-૫ ના માર્ગ ઉપર સંપૂર્ણપણે વાહનવ્યવહાર બંધ કરી દેવાશે. ગ-૪ થી ગ-૫ આવતા વાહનો ખ-૪ તરફ ડાયવર્ડ કરવા તેમજ ગ-૫ થી ગ-૪ તરફ આવતા વાહનો ઘ-૫ થી ખ-૫ તરફ ડાયવર્ડ કરવામાં આવશે. મતગણતરીની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી આ પ્રતિબંધ જારી રહેશે.

# મોદીની સુરક્ષા વધુ મજબૂત બનાવાઈ

## નિવાસસ્થાને બોમ્બ સ્કવોડ પણ તૈનાત : મોદીને પ્રોટેક્ટ કરતા કમાન્ડોની સંખ્યા વધારી દેવાઈ : મુલાકાતીઓનું બારીકાઈથી સ્કીનીંગ શરૂ



ગાંધીનગર,તા.૧૪

ગુજરાત રાજયના મુખ્યમંત્રી તથા વડા-ધાનપદના દાવેદાર નરેન્દ્ર મોદી હાલના તબક્કે ઝેડ પ્લસ સુરક્ષા ગ્રેડ ધરાવે છે. એક્ઝીટ પોલના આંકડા માનીએ તો હવે મોદી દેશના વડા-ધાન બને તે માત્ર સમયનો જ સવાલ છે. આ મુવમેન્ટને પગલે મોદીની સુરક્ષા વ્યવસ્થાને અપગ્રેડેશન કરવામાં આવી છે. રુટ બંદોબસ્ત સઘન બનાવવા ઉપરાંત ક્રોસ રુટ બંદોબસ્ત શરુ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત મોદીના કમાન્ડોની સંખ્યા પણ વધારી દેવામાં આવી છે. અવર-જવર કરતા મુલાકાતીઓનું વધુ બારીકાઈથી સ્કીનીંગ કરવામાં આવી રહ્યું છે. સ્પેશિયલ -ેટેક્શન ગ્રુપ દ્વારા મોદીની તમામ ગતિવિધિઓ તથા સ્ટાઈલનો અભ્યાસ પણ શરુ કરી દીધો હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

નરેન્દ્ર મોદીની સુરક્ષા સ્કીમમાં સ્હેજ પણ કચાસ કે ઢીલું મુકાશે નહિ. રુટ બંદોબસ્ત ટુ-વે કરી દેવાયા બાદ મોદીના અવર-જવરના રૂટમાં આવતા તમામ કટ્સ પર સુરક્ષા જવાનોને તૈનાત રાખવામાં આવે છે. નિવાસસ્થાને બોમ્બ સ્કવોડ પણ ગોઠવી દેવામાં આવી છે. મુલાકાતીઓના અવર-જવરમાં થતું ચેકિંગ સઘન બનાવીને તમામનું બારીકાઈથી સ્કીનીગ કરવાના આદેશ આપી દેવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ દિલ્હીમાં વી.વી.આઈ.પી ની સુરક્ષાનો હવાલો સંભાળતા સ્પેશિયલ -ેટેક્શન ગ્રુપ દ્વારા પણ મોદીની સ્ટાઈલનો અભ્યાસ શરુ કરી દેવામાં આવ્યો છે. આગામી દિવસોમાં મોદીને પી.એમ ની સુરક્ષા આપવામાં આવે તો શું-શું ફેરફાર કરવા પડે તેની તેની તૈયાર પણ કરી દીધી છે. વડા-ધાન પદના શપથ લેતા પૂર્વે મોદી ગુજરાત ભવનમાં રોકાશે તેથી તે સમય પુરતો સુરક્ષાનો હવાલો એસ.પી.જી લેશે. પી.એમ ઓફીસના કેટલાક ઉચ્ચ અધિકારીઓ પણ ગાંધીનગર આવીને ગુજરાતના અધિકારીઓ પાસે મોદીની કામકાજની સ્ટાઈલ જાણવાનું પણ શરુ કર્યુ હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યું છે.



(તસવીર : દિપક જાની)

મહાન સદ્‌ગુરુ શ્રી ભોજલરામ બાપાની ૨૨૯મી જન્મજયંતીની ઉજવણી ૧૪ મે ને બુધવારે ભારે ધામધૂમથી ઉજવવામાં આવી હતી. સૌરાષ્ટ્રના જેતપુર બાજુમાં દેવકી ગાલોલ ગામમાં જન્મેલા પુ. ભોજાબાપાએ જીવન પર્યંત જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની નિર્મળ સરવાણીથી જનજીવનને સદાચારી બનાવ્યું. સૌરાષ્ટ્ર લેઉવા પટેવ સેવા સમાજ દ્વારા સદ્‌ગુરૂ શ્રી ભોજલરામની ભવ્ય શોભાયાત્રા નગરમાં નીકળી હતી. જ્યાં સે. ૨૮ બ્રહ્માકુમારી થઈ સે. ૨૩ સ્વામીનારાયણ મંદિરથી સે. ૧૨ ઉમિયા મંદિર ખાતે સંસ્થાઓના ટ્રસ્ટી અગ્રણીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

# આંબેડકરના સ્ટેચ્યુ નજીક વોટર બોડી આકર્ષણ જમાવશે

## એમ.ફી. થિયેટર પણ બનશે : ઘ-૪ થી ચ-૪ વિસ્તારનો નઝારો બદલાશે

ગાંધીનગર, તા. ૧૪

સ્વર્ણિમ પાર્કની મહત્વકાક્ષી યોજના અન્વયે ટાઉનહોલ સામેના વિસ્તારમાં આંબેડકરના સ્ટેચ્યુ પાસે ભવ્ય વોટરબોડીનું નિર્માણ કરવામાં આવશે. આ જગ્યાએ એમ.ફી. થિયેટર પણ બનાવાશે. હાલ ખોદકામગીરી હાથ ધરવામાં આવી છે.

સ્વર્ણિમ પાર્કના બીજા તબક્કાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૭-૫-૧૪, શનિવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. બાઈસેગ સબસ્ટેશન

સહી/-

ટોરેન્ટ પાવર લિમીટેડ

Gandhinagar Electronics Zone Industries Association

GEZIA

B-23/2/1&2, GIDC, Electronics Estate, Sector-25,
Gandhinagar-382 024 GUJARAT, INDIA. Ph : (079) 23287130, 23287230
E-mail : geziaonline@gmail.com • Website : geziaonline.org

Regd. under section "25" of Companies Act, 1956 (No-1-1956) Dt. 28-01-2008.
Corporate Identity No. U91100GJ2008NPL052751

## ટેન્ડર નોટીસ

ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ઈન કોર્પોરેટેડ અન્ડર સેક્શન ૨૫ ઓફ કંપની એક્ટ-૧૯૫૬. જેમાં સમગ્ર ઈલે. એસ્ટેટના દરેક યુનિટની ફ્રન્ટ સાઈડે ફીટીંગ કરવા માટે નંબર પ્લેટ બનાવવાના ભાવપત્રકોની સીલબંધ ઓફર પત્રક આવકારે છે. આ અંગેના ઓફર ડોક્યુમેન્ટ (ટેન્ડર ફોર્મ) GEZIA કચેરીએથી તા. ૧૪/૫/૨૦૧૪ થી તા. ૨૪/૫/૨૦૧૪ સુધી ૯-૩૦ થી ૫-૩૦ દરમિયાન રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર નોન રીફંડેબલ) રોકડા ભરીને મેળવવાનું રહેશે. સીલબંધ ઓફરપત્રક સાથે EMD પેટે રૂ. ૧૦,૦૦૦/-નો રાષ્ટ્રીયકૃત બેન્કનો જ 'ગેજીયા' (GEZIA)ના નામનો ડી.ડી. જ જોડવાનો રહેશે અને તેવી વિગત ટેન્ડર ફોર્મમાં સામેલ પત્રકમાં ભરવાની રહેશે. આ ઓફર પત્રક ગેજીયા કચેરીએ જમા કરાવવાની છેલ્લી તારીખ : ૨૪/૫/૨૦૧૪ને સાંજના ૫.૩૦ કલાક સુધી રાખવામાં આવેલ છે.

ગેજીયા વતી,
સહી/-
સેક્રેટરીશ્રી




SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com